## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

■ વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.

■ તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.

■ તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮'' x ૧૨'' હાઇ રેઝોલ્યુશન ૩૦૦ DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.

■ તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર પૂજા પટેલની છે. તેમણે ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એન્જિનિયરીંગ કર્યું છે. પૂજાને મોડેલિંગનો શોખ છે.

# પ્રિય સન્નારી



કેમ છો?

‘હેપ્પી વેલેન્ટાઈન્સ ડે’

પશ્ચિમની દુનિયામાંથી આવેલો પ્રેમને વ્યક્ત કરવાનો આ દિવસ હવે આપણો પોતીકો બની ગયો છે. ભારતીય સંસ્કૃતિમાં પણ આ જ મહિને આવતી વસંત પંચમી પ્રેમનો સંદેશો લઈને આવે છે પરંતુ એમાં માર્કેટીંગની હવા નહોતી ભળી અને થોડી રૂઢિચુસ્તતા હતી એટલે એ વૈશ્વિક સ્તરે તો ઠીક ભારતમાં પણ એ યુવાનોની ધડકન ન બની. પ્રેમ, રોમાન્સ એ યુવા દિલની જ નહીં પરંતુ માનવ મનની જરૂરિયાત છે. પ્રેમ એ ભલે જિંદગી નથી પરંતુ જિંદગીનું બહુ મોટું ચાલક અને પ્રેરક બળ છે. વિજાતીય પ્રેમની એક અલગ દુનિયા છે. એમાં આકર્ષણ-લાગણી-માંગણી-શરીર- મનથી લઈને દો જીસ્મ એક જાનની કલ્પના પણ છે. જયારે બીજી બાજુ પેરન્ટસથી લઈને દોસ્ત સુધીની પ્રેમની એક નોખી દુનિયા છે જયાં લાગણી-માંગણી છે પરંતુ શરીર નથી. પ્રેમ એટલે એકબીજા માટે મરી ફીટવું એ આદર્શ વાત છે પરંતુ જયાં પ્રેમ હોય ત્યાં ઘસાઈ છૂટવું તો ફરજીયાત હોવું જ જોઈએ. નિઃસ્વાર્થ પ્રેમ તો ભગવાન સાથેનો પણ નથી તો માણસ સાથે તો કયાંથી હોવાનો? હા, બે પ્રેમ કરનાર વ્યક્તિમાં જેની આપવાની વૃત્તિ વધુ બળવત્તર એ પ્રેમ વધુ બળૂકો હોય શકે. પ્રેમમાં આપવું એટલે શું? સામી વ્યક્તિને ખુશ રાખવાના દિલથી પ્રયત્નો કરવા. એમની ખુશીમાં ખુશ રહેવું અને દુઃખે દુઃખી થવું. એની ઈચ્છાઓને માન આપવું અને વિચારો તથા વ્યક્તિત્વ બંનેનું સન્માન કરવું. નાની-નાની વાતોમાં કાળજી રાખવી. પ્રેરણા અને પ્રોત્સાહન આપવા. સાથે હસવું, સાથે રડવું અને સાથે વિકસવું એ પ્રેમ... અગર કોઈના માટે એક વાર પ્રેમની લાગણી બંધાય તો હંમેશાં માટે એવીને એવી જ રહે? ના, સમય-સંજોગો અનુસાર એ લાગણીમાં વધ-ઘટ થાય, એનું સ્વરૂપ બદલાય પરંતુ એ સર્વથા નાશ ન પામે. દાખલા તરીકે બે યુવક-યુવતી એકબીજાના પ્રેમમાં પડે, હરે-ફરે પછી લગ્ન કરે. લગ્નમાં આર્થિક -સામાજિક- પારિવારિક સમસ્યાઓ આવતા ઝઘડાઓ થાય, અપેક્ષાઓ પૂરી ન થતાં છેતરાવાની લાગણી જન્મે, એકબીજાના ગુણને બદલે અવગુણ દેખાય, પરસ્પર આક્ષેપો થાય અને ઘણી વાર આ વિખવાદ નફરત અને ધિક્કારમાં પરિણમે... મતલબ કે પ્રેમનું નફરતમાં રૂપાંતર થાય પરંતુ એ વ્યક્તિ સાથેની સ્મૃતિઓ નાશ ન પામે. એ દિલોદિમાગમાંથી દૂર ન થાય. પ્રેમ રડાવે કે હસાવે પણ એ સ્મૃતિરૂપે, નફરતરૂપે કે સન્માનની રીતે કયાંક ને કયાંક જીવે, અન્ય સાથે જોડાવામાં અડચણરૂપ બને કે ન બને ખ્ન હૃદયના એક ખૂણામાં પડયો રહે પણ આ પ્રેમ જ એવી બાબત છે કે જે જીવનને જીવવા જેવું બનાવે છે. પ્રેમ સિવાય પૈસો-પ્રતિષ્ઠા-પદ માણસને સુખ-સંતોષ આપે પણ પ્રેમ વિના કયાંક અધૂરપ રહેવાની જ. કોઈને ગમવું કે કોઈ આપણને ગમે, એના વિચારોમાં ખોવાયેલાં રહેવું, એના માટે સઘળું ન્યોછાવર કરવું, જીવનનો નવો અર્થ પામવો અને પોતાના કંઈક હોવાની- મહત્ત્વની સતત અનુભૂતિ કરવી એ લાગણી જ અલગ છે. એનો અહેસાસ જ સંપૂર્ણતાની અનુભૂતિ આપે છે પરંતુ સો મણની વાસ્તવિકતા એ છે કે આ અહેસાસ, આ અનુભૂતિ હંમેશાં એમની એમ રહેતી નથી. જીવનની વાસ્તવિકતાના વાવાઝોડા સામે એ ઝાંખી પડી શકે છે અને એ જ જીવન છે, એમાં કોઈ ગણિત, કોઈ તર્ક, કોઈ ફોર્મ્યુલા કે મોટીવેશન કામ કરતું નથી. અગર કોઈના માટે પ્રેમ છે તો એને વ્યક્ત કરો, પામવાની- જોડાવાની ઝંખના છે તો એ માટે પણ પ્રયાસ કરો પણ સાથે જીવવા-મરવાના વાયદા અવાસ્તવિક છે. સમયની થપ્પડ કઇ બાજુએથી વાગશે એ કહેવું મુશ્કેલ છે. સો ભવિષ્યનાં પ્લાનીંગમાં વર્તમાનને વેડફવાની જરૂર નથી. વર્તમાનમાં પ્રિય પાત્રની ઝોળી પ્રેમથી છલકાવી દો. અપેક્ષાઓનાં વજનથી એને સંકોચાવા ન દેશો. જેટલું માન- સન્માન, સલામતી-પ્રેરણા, વિશ્વાસ અપાય એટલું આપો. ક્ષણોને એટલા ખૂબસૂરત રંગોથી સજાવો કે હંમેશાં એ સ્મૃતિરૂપે જીવવાનું બળ આપતી રહે, પ્રેમ અને વ્યક્તિ બંને ના રહે તો પણ એ સ્મૃતિ, એ ક્ષણો, એ મધુરતા જીવનમાં સુમધુર સંગીત ફેલાવતા રહે. ઝંઝાવાતો સામે લડવાનું અંગત ફેલાવતા રહે. ઝંઝાવાતો સામે લડવાનું બળ એમાંથી મળતું રહે. પ્રેમ વિના સાથે જીવવું એના કરતાં પ્રેમ સાથે અલગ જીવવું એ પણ ચોઈસ હોઈ શકે. આખર પ્રેમ એ સ્વને ભૂલીને પરને પામવાની એક સુંદર ઝંખના છે જે નસીબદારની ફળે છે અને ફળ્યા પછી નસીબ અને પુણ્ય બંને હોય તો લાંબા સમય સુધી ટકે છે. પ્રેમનો રંગ જીવનના અનેક રંગોની ઓળખ આપે છે એટલે એનાથી રંગાવું જરૂરી છે. આપ સહુ આ વેલેન્ટાઈન્સ ડેએ પ્રેમના રંગમાં રંગાવો એવી શુભ્ચેછા સાથે

હેપ્પી વેલેન્ટાઈન્સ ડે.

- સંપાદક

